ॐ तत्सत परमात्माने नमः

શ્રી નાટક



લક્ષ્મીકાન્ત સમાજ

મુરારબાજ

અને વીરનાં વેર

નાટકના ગાયનો અને ટુંકસાર.

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચંદુલાલ ભગવાનદાસ મપારા.

માલેક —શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

[illegible] અમદાવાદ

કિંમત ૪ આના

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

॥ શ્રી ॥

મુરારબાજી યાને વીરનાં વેર

નાટકનાં ગાયનો અને ટુંકસાર.

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

જમાનો પ્રસિદ્ધ કર્તાર,

ચંદુલાલ ભગવાનદાસ મપારા.

માલેકઃ-શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

હાલ મુકામ:-ઘીકાંટા ભારતભુવન થીએટર,-અમદાવાદ.

આવૃત્તિ પહેલી) સને ૧૯૩૬ (પ્રત ૨૦૦૦

આ ચોપડી શ્રી જૈન એડવોકેટ પ્રી. પ્રેસમાં વાડીલાલ બાપુલાલ શાહે છાપી ઠે. ઘીકાંટા જેશીંગભાઈની વાડી-અમદાવાદ.

કિંમત ચાર આના.

મુરારબાજી યાને અમીરનાં વેર

નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

જયસિંહ—જયપુર નરેશ દીલ્હી સલ્તનતનો પ્રતિનીધિ.

શિવાજી મહારાજ—હિંદુપતનો તારણહાર, એ સ્વાતંત્ર્યના અહંગ પુજારીથી કોઇ અજ્ઞાત નથીજ.

મુરારબાજી—જયસિંહની તાલીમમાં આત્મોત્સર્ગ શીખેલો શિવાજી છત્રપતિનો સ્વામીભકત સરદાર.

દિલેરખાન—દીલ્હી સલ્તનત તરફનો જયસિંહનો હાથ નીચેનો સેના નાયક.

રામસિંહ—જયસિંહનો પુત્ર અને પ્રેમલતાનો પ્રિયતમ.

મોરોપંત—છત્રપતિ શિવાજીનો સ્વામી ભકત સચીવ.

હુંબારરાવ—છત્રપતિની ખાસપાગાનો રીશાલદાર.

જગમલ—જયસિંહ મહારાજનો વૃદ્ધ સેનાની. જમનાનો પતિ અને માધુમલનો પીતા.

માધુમલ—જગમલનો પુત્ર.

રાઘુ—જગમલનો પૌત્ર.

મેઘા—જગમલનો નોકર.

ઉપરાંત—પ્રતાપ, સરદાર સૈનિકો, નાગરિકો ઇત્યાદિ

સ્ત્રી પાત્રો.

સુશીલાદેવી—જયસિંહ મહારાજની દેશભક્ત મહારાણી.

પ્રભાવતી—મુરારબાજીની આત્મભોગી પત્ની અને પ્રેમલતાની માતા

સોઇબાઈ—છત્રપતિ શિવાજીનાં ધર્મપત્નિ.

પ્રેમલતા—મુરારબાજીની પુત્રી પાછળથી રામસિંહની પત્નિ.

રાજકુંવર—શિવાજી મહારાજની પુત્રી.

માનબાઈ—હંબીરરાવની પત્નિ.


જમના—જગમલની નવી સ્ત્રી.

ગંગા—માધુમલની સ્ત્રી.

દીવાળી—એક વેશ્યા.

ઉપરાંત—બાળકો, સ્ત્રીઓ, દાસીઓ, મજુરણ, વીગેરે.

સ્થળઃ—મહારાષ્ટ્ર.



"આમુખ"

"મુરારબાજી યાને વીરનાં વેર" એટલે જયપુર રાજેન્દ્ર રાજા જયસિંહ અને હીંદુપત તારણહાર છત્રપતિ શિવાજી મહારાજનો વિગ્રહ. રા' માંડલીક લખતો હતો હતો ત્યારે હું અને રા. મણીલાલ પાગલ નાશીક જતા હતા તે વખતે **એકજ પ્યાલાના** લેખક સ્વ. ગડકરીએ અમને મોરારબાજીના વીરત્વની વાતો કહેલી અને આ પ્રસંગ ગુજરાતી રંગભૂમિપર ઉતારવા સૂચન કરેલું. એ વાતને ઘણાં વર્ષો થયાં. આજે એ સુયોગ અમને પ્રાપ્ત થાય છે. રાજા જયસિંહ સમ્રાટ આલમગીર અને છત્રપતિ શિવાજીના ઇતિહાસો જગત જાણીતા છે.

વીરનાં વેરનો મર્મ સમજતાં હૃદયને એમ થાય છે કે ભારતની અવદશાનું કારણ વીરનાં વેરજ છે. કૌરવ પાંડવો પૃથ્વીરાજ ને જયચંદ જયસિંહને શીવાજી, પ્રતાપ ને માનસિંહ એ જો એકત્ર થયા હતે તો ભારતની સુવર્ણભૂમિ આજે જુદીજ યશો લેખા ધારતી હતે. રાજા જયસિંહ જીવન ભરમાં કારમી મનોવેદના ભોગવતા જેનો ઉલ્લેખ નાટકમાં યથાશકિત ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજા જશીવંતસિંહને એક પ્રસંગે જયસિંહે એમ કહેલું કે મારૂં આ કાર્ય દેખીતું દેશ દ્રોહી અને જાતિ વિનાશક છે. પણ પરિણામ એવું ઉજ્જવળ આવશે કે એમાંથીજ જાતિ ઉદ્ધારના પુષ્પો ખીલી નીકળશે એ શિવાજી પ્રત્યેની એમની પૂજ્ય ભાવનામાં સંપૂર્ણ વ્યકત થાય છે. નાટ્યાલેખનમાં કેટલાક પ્રસંગો રા. પાગલના સ્વતંત્ર છે કેટલાક મારા સ્વતંત્ર

છે ને કેટલાક મિશ્ર છે. અમારો બંનેનો એવો સહકાર ઘણા વર્ષોથી ચાલ્યો આવે છે. રા. મણીલાલ પાગલની નાટયાલેખન શૈલીપર હું મુગ્ધ છું, મારા કાવ્ય વિભાગપર એ મુગ્ધ છે. એટલે અમે બંને ઘણી જગ્યાએ એકત્ર જેવા દેખાઈએ છીએ. જે દ્વારા ગુર્જર રંગભૂમિની કંઈક સેવા સધાય છે. કેટલકો કહે છે કે ગુર્જર રંગભૂમિ ઘણી અવનત થઈ છે પણ અમે એને દીન દીન ઉન્નત થતી માનીએ છીએ. એ ઉન્નતિમાં આ એક મણકો ઉમેરાય એજ રંગભૂમિની સેવા. ગુણદોષ માટે સુજ્ઞ પ્રેક્ષકોની ક્ષમા યાચના સહ વિરમતો.

વીક્ટોરીયા થીએટર,
મુંબઈ તા. ૨–૧–૨૯

રઘુનાથ ત્રિભુવન બ્રહ્મભટ્ટ.

॥ શ્રી ॥

મુરારબાજી યાને વીરનાં વેર.

નાટકનો ટુંકસાર

ઇશ્વર સ્તુતિ–અને–વસ્તુ સૂચન

પ્રવેશ પહેલો:—દીલ્હી સલ્તનતના પ્રતિનિધિ અર્ધ મહારાષ્ટ્ર પર વિજય કરી ચુકેલા જયપુર નરેશ મહારાજા જયસિંહની મહારાષ્ટ્રમાં છાવણી જયસિંહના દેશદ્રોહી વર્તન તરફ રાણી, મુરારબાજી વિગેરેનો અણગમો, જયસિંહની અડગ સ્વામીભકિત. હિંદુ જાતિના ઉદ્ધાર કાર્યમાં સહકાર કરવા શિવાજી મહારાજે મોકલેલા પત્રનાં જયસિંહે વખાણ કરવા, અચાનક છાવણીમાં શિવાજીને જોઇ જયસિંહે આશ્ચર્ય થવું. ફરજ પ્રમાણે શિવાજીને પકડવાનો ઉદ્દેશ. મરાઠા સૈનિકો સાથે શિવાજીએ વ્યુહ ભેદી ચાલ્યા જવું.

પ્રવેશ બીજો:—અગીયાર બાયડીનો ધણી થઇ ચુકેલો જયસિંહનો પટાવત જગમલ બારમી સ્ત્રી સાથે કલહ કરી રહ્યો છે. ત્યાં તેના દીકરાની નવી વહુ પાંચ છોકરાં લઇ સાસુને ઉપદેશ આપવા આવે છે. વૃદ્ધ લગ્નના વરઘોડા.

પ્રવેશ ત્રીજો:—મહારાજા જયસિંહના વિલાસી યુવરાજ રામસિંહની છાવણીમાં જુગાર રમાઇ રહ્યો છે. પટાવત જગમલ જુગારમાં હારી જતાં ખુન કરવા તૈયાર થાય છે. સેનાપતિ મુરાર આવી યુવરાજને યુદ્ધધર્મ સમજાવે છે. જયસિંહ પોતાના પુત્રનું વિલાસી વર્તન જોઇ તેને ઉપદેશ આપે છે. “દેશદ્રોહીનાં સંતાન અનાચારીજ પાકે” એ જવાબથી ઉશ્કેરાઇ જયસિંહ, ચોવિસ કલાકમાં રામસિંહને મારી તેનું મસ્તક હાજર કરવાનું મુરારને ફરમાન આપે છે.

પ્રવેશ ચોથો:—સરોવર કિનારે સખીઓ સાથે વિહાર કરતી મુરારની પુત્રીનો યુવરાજ રામસિંહ તરફ અનુરાગ મહારાષ્ટ્રની મજુરણની રાજસ્થાનની રમણીઓએ મશ્કરીઓ કરવી. મુરારની સ્ત્રી પ્રભાવતીએ આવી મજુરણ પાસેથી દેશભક્તિના પાઠો સાંભળી સંતાનને જાતિ ગૌરવનો ઉપદેશ દેવો.

પ્રવેશ પાંચમો:—જવાબદારીના કઠોર કર્તવ્યમાં મુંઝાતો મુરાર. રાણીએ આવી રામસિંહને બદલે પોતાના પુત્રનું બલિદાન દેવાનો માર્ગ બતાવવો. મુરારે પોતાના એકના એક પુત્રને મારી રામસિંહને બચાવી છુપાવવો.

પ્રવેશ છઠો:—ઘરડા ધણીથી અને ઓરમાન વહુ દીકરાના પરિવારથી કંટાળી જગમલની સ્ત્રી જમના નોકર મેઘા સાથે તેના પીયર જવા નીકળે છે. જગમલને ખબર પડતાં પોતાની આબરૂ બચાવવા કાશીયાત્રાએ જવા તૈયાર થાય છે.

પ્રવેશ સાતમો:—મુરારે પોતાના પુત્રનું મસ્તક રામસિંહના મસ્તક તરીકે લઇ આવવું. જયસિંહે મોઢાપર ગોળીબહાર જોઈ વહેમમાં પડવું કે મુરારે તેનો પુત્ર માર્યો છે. મુરારની દ્રઢતા. શિવાજીના કીલ્લા પર જયસિંહનો હલ્લો. ભૂખે મરતી પ્રજાએ જયસિંહને શરણે આવવું. રાણીએ આવી તેમની જીવનભીક્ષા યાચવી. જયસિંહે કર્તવ્યપરાયણ રહેવું. રાણીને લશ્કરને ઉશ્કેરી શિવાજીની પ્રજાને છોડાવી જવું. શિવાજી મહારાજનો હલ્લો. યુદ્ધ. મુરારબાજીના હાથે જયસિંહનો બચાવ.

(ટેબલો)

અંક બીજો.

પ્રવેશ પહેલો:—વિજ્યા દશમીનું શસ્ત્રપૂજન. જયસિંહે મુરારની કર્તવ્યપરાયણતામાં કર્તવ્યભ્રષ્ટતા જોઇ મુરારને બરતરફ કરવો. રાણી સુશીલાના આદેશથી મુરારે સહકુટુંબ છત્રપતિ શિવાજી મહારાજને આશ્રયે જવાનો નિશ્ચય કરવો.

પ્રવેશ બીજો:—પોતાના એકના એક ભાઈનો ભોગ લઇ જીવતા રહેલા યુવરાજ રામસિંહ પર પ્રેમ ને દ્વેષના મંથનમાં ચિન્તાતુર પ્રેમલતાની મનોદશા. પ્રેમલતાનું કુટુંબ શિવાજીને આશ્રયે જતું હોવાથી રામસીંહે પ્રેમલતાને ભોળવી પોતાની સાથે લઈ જવા આવવું. પ્રેમલતાએ લોહીના પ્યાલાથી તેનો સત્કાર કરી તેને ધિક્કારવો. રામસીંહે તેનું બલાત્કારે હરણ કરી જતાં પ્રભાવતીએ આવી રામસિંહનો પરાજય કરવો.

પ્રવેશ ત્રીજો:—નસાડી સાથે લાવેલી જગમલની સ્ત્રી જમનાને મેઘાએ દીવાળી નામની વેશ્યાને ત્યાં વેચવી. પાછળથી દીકરાના દીકરા સાથે જાત્રાએ નીકળેલા જગમલનું તેજ ગામમાં આવવું. દીવાળી ને જગમલનો ધર્મશાળામાં મેળાપ. દીવાળીએ જગમલને પોતાને ત્યાં તેડી જવો.

પ્રવેશ ચોથો:—શિવાજી મહારાજનો દરબાર. ભવિષ્યના યુદ્ધ માટે મંત્રણા. મુરારબાજીનું શરણે આવવું. છત્રપતિએ તેને આશ્રય આપી યોગ્ય કદર કરવી. રસ્તામાં પકડાયલી રાણી શુશીલાને શિવાજીના સૈનિકોએ દરબારમાં લાવવી. શિવાજીએ તેને માતા કહી માનસર જયસિંહ પાસે મોકલાવવી.

પ્રવેશ પાંચમો:—અનાજ માટે ચિંતા કરતાં શિવાજીનાં પત્નિ અને પુત્રીને આશ્રયે આવેલાં મુરારના પત્નિ તથા પુત્રીએ પોતાને ખરી સ્થિતિથી વાકેફ ન કર્યાં માટે ઠપકો આપવો. આવતી કાલ પહેલાં કુટુંબને રાયગઢ પહોંચાડવાની છત્રપતિની ચિંતા. શિવાજી, પત્નિ તથા પુત્રીને છુપાવવી, પ્રેમલતા તથા પ્રભાવતીએ શિવાજીની પત્નિ ત્થા પુત્રીના વેશમાં જયસિંહને છેતરવા જવું.

પ્રવેશ છઠ્ઠો:—વેશ્યાના ઘરમાં જગમલને જમનાની ઓળખાણ. બન્નેએ પસ્તાવું. વેશ્યાના ઘરના પાણીને ગંગાજળ બનાવી પોતે જાત્રા જઈ આવ્યો એમ ગામ લોકને બતાવવા જગમલે જમનાને ભણાવી ઘેર પાછી તેડી જવી.

પ્રવેશ સાતમો:–આખરી હલ્લો લઈ જવાના નિશ્ચય પર આવેલા જયસિંહને રાણીએ વધુ દેશ–દ્રોહી ન બનવા સમજાવવો શિવાજીનાં પત્નિ તથા પુત્રીના વેશમાં પકડાયલાં મુરારની સ્રી તથા પુત્રીએ આવવું રાણીએ શિવાજીએ પોતાના તરફ જે વર્તન બતાવ્યું તે વર્તન શિવાજી પ્રત્યે બતાવવાનું જયસિંહને કહેવું. જયસિંહે પ્રભાવતીને ઓળખાવી તેને શાહી કેદી તરીકે આગ્રા મોકલાવવા કહેવું દિલેરખાન અને રાણીનો વિરોધ. રાણીનો આત્મ ત્યાગ. પ્રભાવતી પ્રેમલતાએ આબાદ છટકી જવું.

(ટેબલો)

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો:–રામસિંહનો પશ્ચાતાપ. જંગલમાં એકલી પ્રેમલતાનો મેળાપ. પ્રેમલતાએ રામસિંહને કર્તવ્યનું ભાન કરાવવું. રામસિંહે કરેલા પાપના પ્રાયશ્ચિત તરીકે વીર ધર્મ સ્વીકારવાની પ્રતિજ્ઞા કરવી.

પ્રવેશ બીજો:–મરેલા સૈનિકોનાં સમાધિસ્થાનમાં જયસિંહે મરેલી રાણી શુશીલાની સમાધિને ફુલ ચઢાવવા આવવું. જયસિંહનો આંતરિક પશ્ચાતાપ. દિલેરખાને ધીરજ આપવી. બે બાળકો સાથે ધણીની સમાધી ખોળવા આવેલી વીર હંબીરરાવની વીર પત્નિમાનબાઇનો વિલાપ. ભૂખ્યા બાળક માટે અન્નની યાચના અન્ન આપનાર જયસિંહ છે એમ જાણતાં બાળકનો

ખાધેલા કોળીઓ ઓકાવી નાખવો. વીર ગર્જનાઓની વીરોચિત વાણી સાંભળી જયસિંહે તલવાર છોડી દેવી.

પ્રવેશ ત્રીજો:-શિવાજીની છાવણીમાં જયસિંહ પાસેથી નાસી છુટેલાં પ્રેમલતા પ્રભાવતીને લઈ મોરોપંતે આવવું. પુષ્કળ ઘાની વેદનાથી મોરોપંતનો દેહ ત્યાગ. યુદ્ધનું બ્યુગલ. શિવાજીએ રાયગઢના રક્ષણે જવું. મુરાર પ્રભાવતીએ યુદ્ધ ક્ષેત્ર સંભાળવું. રામસિંહને હાથે મુરાર ને પ્રભાવતીનું મોત. રામસિંહ વીર થયો જાણી મુરારે અંતિમ સમયે પ્રેમલતાનો હાથ રામસિંહને સોંપવો.

પ્રવેશ ચોથો:-જાત્રા કરી આવેલા જગમલ ને જમનાનો નાતિલાઓએ વરઘોડો કાઢવો. મેઘાએ આવી ભાંડો ફોડી નાંખવાની ધમકી આપવી. બધાં ગુન્હેગાર હોવાથી તેરી ભી ચુપ ને મેરી ભી ચુપનો ન્યાય. બધાંએ અંદર અંદર સમજી જઈ શ્રી વૃંદાવન વિહારીનાં ગુણગાન કરવાં.

પ્રવેશ પાંચમો:-શિવાજીનો દરબાર. પંજાબમાં બળવો જાગેલો હોવાથી સમ્રાટની સહીવાળું તહનામું લઈ દીલેરખાને આવવું. વીરનાં વેરની સમાપ્તિ. જયસિંહ-શિવાજી આનંદ મિલન. ભારતમાતાની જય. અંતિમ ઉપસંહાર.

શાન્તિ ! શાન્તિ !! શાન્તિ !!!

—.∵. સમાપ્ત .∵.—

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી મુરારબાજી યાને વીરનાંવેર.

નાટકનાં ગાયનો

મંગળાચરણ.

પ્રથમ નામ જય લલામ,
હે ગણપતી રીદ્ધી સિદ્ધીને
પુરણ કામ કરેશ્વર મુદભર ગણધર સુખકર—પ્રથમ.
એકદંત દયાવંત ઈશ હે,
વિજયમાલ વિમલભાલ જયકર
ગૌરીનંદ હે અભર સુયસ ભર—પ્રથમ.
સામ્બસુત શાંતિ આપ અમને,
અઘહર ગૌરીબાલ તું દીનદયાલ તાપ પાપહર.
સીંદુર વર્ણ દિવ્યશર્ણ સુખદા,
પુરણ કર આશ.
વિપદકર નાશ વિભુ હે,
ક્ષપા હરો પ્રભા ભરો કૃપા કરો—પ્રથમ.

બાળાઓઃ— ૨

પ્રાણુસાટે જે નેકટેક પાળે રણુધીર,
ગજવે વીરબંકા યશ ડંકા નીજ નામના.
કેશરી બાલ અરીના કાલ એજ વરે વિજયમાલ—પ્રાણુ.
બની કાળના કરાળ કાળ શસ્ત્રને ધરતા,
વીરહાકે સૌ ભાગે દુશ્મન થરથરતા.
હિંદ મૈયાના સાચા સુકાની ખવૈયા
વીર ભૈયા નીજ મૈયાના સાચા ભડવીર ધીર
શૂરવીરશિવાજીરાજ ભારતનીલાજકાજ ધાર્યા શરીર.

વારાંગનાઓઃ— ૩

કાના રે મય તો ઢુંઢત બન ઉપવનમેં
લલીત ત્રીભંગી છેલછબીલે નટવર નંદકીશોર સૈયાં
જોબનમેં ફુલ લીયો માલનકો વેષ કીયો
ગલી ગલી પુકાર રહી જુઈ લ્યો જુઈ લ્યો જુઈ
લગન અયસી લાગી લાલ ભાન ભૂલી નન્દલાલ
જુઈ બદલ બેચેન લગી કૃષ્ણકનાઈ કૃષ્ણકનાઈ કૃષ્ણ

પ્રેમલતાઃ— ૪

આ માતૃભૂમિના સૂર્ય થયા નિસ્તેજ આજ કહો શાથી ?
સ્વાતંત્ર્ય સરોવર રાજહંસ પરતંત્ર થયા કહો કયાંથી ?
ગૌબ્રાહ્મણના પ્રતિપાલ આ ક્ષત્રપાલના બાળ

રણહાક પડી વીર ઉઠો દુંદુભી ગાજે,
ઓ દેશબંધુ કરશસ્ત્ર ધરો નિજ જન્મભૂમિને કાજે
દીન હિંદમાત ચોધાર રડી કરે આજ પોકાર
એ અશ્રુ લુછવા બનો શિવાજી શાથી
કેમ દિલ્હીપતિના દાસ બન્યા ઓ ! ક્ષાત્રવીર ભડભાથી

જમનાઃ— ૫

રસભર્યા સરોવર સરશી હું તો રાજ તરસીને તરશી
નથી વ્હાલ વાદળી વરસી હું પરણી અણપરણ્યાશી
અંગઅંગમાં જોબન મસ્તી અને અંગેઅંગે સુસ્તી
હું કસ્તુરી ને એ કાંદો અણગમતી જોડીશી
શાકપાકમાં પુરી પ્રવીણ પણ પરખાવું હું કોને પીરશી
મૂર્ખ શીરોમણિ મનનો મેલો વિવાહની કરે વરશી.

વારંગનાઓઃ — ૬

જીસ્કા દીલ દીલબરમેં હો ઉસ્કો કબ આતી હયનીંદ
કરવટ લેતેહી લેતે સાફ ઉડ જાતી હયનીંદ
અભીતો મેરા છોટાસા બાલમવા………………
સવરીયાં નન્હાસા બાલમવા………………
સાજન મોરી સુની સુની હય સેજરીયાં

જીયરવા ઘડી પલ તડપત સૈયાં..........
બાલમોરી સોલાબરસકી ઉમરીયાં..................
જોબન ખીલે જયસી અનારકી કલીયાં

૭

પ્રેમલતા અને પરિચારીકાઓ:—

હળવે હળવે ડગલાં ભરજે સખી જીવન જલ છલકાય નહીં
હૈયે મુજને કંઈ થાય સખી શું થાય બળ્યું સમજાય નહીં
મદઘેન ચઢયાં તુજ લોચનમાં
કહે કોણ વસ્યું તનમાં, મનમાં
કોઈ આવી વસ્યું મમ લોચનમાં
બળી મીટમાં મીટ સમાય નહીં
જો જે અધુરી મધુરી તું કોઈ ભોગી ભ્રમર
ચુમી જાય નહીં
રસચુમ્બન તો જીવન બંધન જીવ જાય છતાં
તૂટી જાય નહીં.

૮

પ્રેમલતા અને પરિચારીકાઓ:—

રમે નયને રસરાજ વસે હ્રદયે શીરતાજ,
હોય રોજ રોજ એનું એ નામ.

ગાન હૈયે ગવાય સ્નેહ નયને લખાય,
તોય સુનાંમંદિર વિના શ્યામ.......
રોજ રોજ અમૃત પીવાય છે સાહેલડી,
પીતાં ધરાય નહિં સ્નેહની બેલડી.
રોજ પ્રીતે પીવાય તોય તરસ્યાં રહેવાય,
સખી એ તે શું પ્રીતિના પાન....
રોજ રોજ ચાંદલીયા ઉગે સાહેલડી.
નીરખી રસ ધ્યાન ધરે વીરહીની બેલડી,
(રોજ) અધુરાં પીવાય તોય મધુરાં જણાય.
સખી અમૃતનાં પાન એનું નામ.

પ્રભાવતીઃ— ૯

મદ મોહમાં દીવાનાં સંતાન આ અમારાં,
લુંટી રહ્યા છે બીજા સન્માન એ તમારાં,
ગૌરવ ઘટયા અમારાં કીર્તિ વરી બીજાને;
ડુબ્યા હતા તે તરતા ડુબી ગયા છે તારા.
મિથ્યા પ્રમાદ ત્યાગો કર્તવ્ય પંથ લાગો,
નીદ્રા તજીને જગને જગાવનારા.—

જમના:— ૧૦

કોઈ કહોને કે કોડ બધા ક્યાંથી પુરાય (૨)
મારા મનડાની મનમાં સમાય લ્હાય થાય.
પહેરી પચરંગી સાડી તન ખીલતી ફુલવાડી,
જોઈ જોબનના માળી જીવ જાય જાય—કોઈ.
ચોરે કે ચૌટે જ્યાં જાતી વાતો મારી થાતી
ધડકે કુણી છાતી આ કાળજું કપાય.
કોઈની હું કાકી તો કોઈની હું મામી,
દીકરાના દીકરાની વહુથી હું નાની.
બધાં મોટી માં કહે ના સ્હેવાય—કોઈ.

માધુમલ અને ગંગા ૧૧

આર્યતણા સુવરે કહો ક્યાંથી જગમાં ધર સંસાર,
સ્વાર્થ માટે દીન અબળાને મારે મુંગો માર.
કુસુમકળીના શીરપર નાખે ધગધગતા અંગાર,
વૃદ્ધ લગનના પાપે આજે સળગે અમ સંસાર
કહોને ક્યાં કરવા પોકાર—
પાળી પોષી ગાય ગરીબડી બાંધે કસાઈને દ્વાર,
એ બાળાના માત પિતાને હજાર છે ધીક્કાર;
કરે જે લોહી તણા વેપાર—

અંક બીજો

સૈનિકો:— ૧૨

વિભૂતિ વીરની વીરને તું વરી,
તુજ શક્તિ થકી અમ ભક્તિ ખરી,
તુજ જીહ્વા કુમ કુમ રક્ત ભરી—વિભુતિ.
તુજ ખપ્પરમાં રણધીર શમ્યા,
તુજ ભક્તિ વિષે ભડવીર રમ્યા,
તુંહી તાપ પ્રતાપ અમાપ ભરી—વિભુતિ.
કરજે કરૂણા હરજે વિપદા,
યુગ યુગ મંગલ કર દેવી સદા,
જય ભવ્ય ભવાની તું ભાગ્યભરી—વિભુતિ.

શુશીલાદેવી:— ૧૩

મારા સાવજ શુરા વીર ઉતરજે સુરસરિતા ગંભીર
દુધ દીપાવી વીર જનનીનાં ઉજવળ કરી શરીર,
પૂર્વજ તારી દેશ ઉગારી દળજે દુશ્મન હીર,
ધરા ધ્રુજાવી આભ ગજાવી શોષી સાગર નીર
વહેલાં મળશું હસ્તે નયને વિજય સરિતા તીર

પ્રેમલતાઃ— ૧૪

જગમાં પ્રીત કરો નવ કોઈ,
પ્રેમપંથ પાવકની જ્વાળા પગલાં ભરજો જોઈ—જગમાં
કાષ્ટ પ્રજાળે આ તન પળમાં પીડા જાણે ન કોઈ
પ્રેમ અગન તન પળપળ બાળે રોમરોમ દુઃખ હોઇ—જગમાં

પ્રેમલતા અને પરિચારીકાઓ—૧૫

નયનો છાનાં અશ્રુ સારે શાને રડતી તું ચોધારે,
વારે વારે શું સંભારે તારા દર્દી દીલડાંની કહેને દવાઓ કંઈ
દર્દી દર્દીની ગત જાણે ઘાયલ વાગ્યા ઘાવ પીછાણે,
કોઈની પીડા કોઈ શું જાણે.
જગમાં દર્દી દીલડાંની તો છે દવાઓ નહીં,
કદર નહીં દીલની જેને એને દીલ કાં દીધાં;
જે રસ્તે લુંટાયા બ્હેની એ રસ્તા શીદ લીધા,
વિષમાં અમૃત ક્યાંય ન દીઠાં.
ખાલી કોમળ કાળજડાંને કંપાવો નહીં,
બાઈ મીરાંને જઈ પૂછો કે કાતિલ વિષ કેમ પીધાં;

દમયંતીને જઇને પૂછો વનમાં શાં સુખ દીઠાં,
સાચી સતીના મેં વ્રત લીધાં.
કોઈ બીચારા કુમારા દીલને સતાવો નહીં.

રાધુમલઃ— ૧૬

અમે કોને જઈને કહીએ માંકડ બહુ કરડે બહુ કરડે,
ખાટલામાં હોય તો ખંખેરીએ અને ગોદડાં નાંખીએ તડકે
અડધી રાતે એતો ભીંતેથી ઉતરીને ચડપ દઈને ચટકે,
અડધી રાતનો ઉજાગરો થયો ત્યારે ધણીને ચઢી ગઈ રીસ
ધડંમ દઇને ધોકો માર્યો ત્યારે ભાંગી ખાટની ઇસ.

વારાંગનાઓઃ— ૧૭

જીવનકા સુખ જાનકે પ્રીતમસે કી પ્રીત,
પ્રીત કીયે દુઃખ દેત હય દેખો ઉનકી રીત.
સાજ નગરમેં જાનતીકે પ્રીતકીયે દુઃખ હોય,
નગર ઢંઢોરા પીટતી પ્રીત ન કીજો કોય.
અલ્લા લગાવેગા પાર બેડા,

કદી સાજન ઘર પાવે ડેરા.
સોબા વહેલે ઉડ આવી એ કાગ
પીયા દે પીયા દે મીલનદા સંદેશા સુણાજા,
કેડે દેસ નીટ ડેરા તેરા..........
આ ખી યે ગ લ મેરે પીયાણું,
વર્ઈયા મીલ સાયાં દુઃખનાં જીયાણું,
કીસાડે નાલ બખડો તેરા.........અલ્લા.

જમના, જગમલ અને રાધુઃ—૧૮

કહોને દાદા (૨) મારા સમ છે કો, ને અમોને શું વારી જવું તે
જુવોને વાંધા(૨) કહેવું શું આને પૂછો મોટી માને કહેશે બધું એ
ઠઠ્ઠા જવા દોને વ્હાલમ હું હારી હું છું તમારી.

વ્હાલી લેજો જુની ટેવો સુધારી.
દાદા કહોને કે વ્હાલી તે શું છે ?
દાદા ફજેતીને પ્રાણે પડયા છે.
સોળ વરસની સુંદરીને સ્વામી વરસે સાઠ,
ચીતા ટાણે ચોરી ચઢતાં આવા થાતા ઠાઠ.
છાનોરે ઢાંઢા જુવોને વાંધા
ધંધા અમારાં અમોને નડયાં છે.

પ્રભાવતી:— ૧૯

આવી તમારે દ્વારે સંદેશ એક દેવા,
શીખવ્યા તમે જે પાઠો પાછા તમોને કહેવા
જે માટીમાં ઘડાયા માનવ જીવન અમારાં
જે માટીમાં જડાયા વીર પૂર્વજો તમારા.
તરસી બની એ માટી મમ રકત દાન લેવા,
જ્વાળા તમે જગાવી નિજ દેશ ભસ્મ કરવા.
બલિદાન બની એમાં વિભૂતિ શરીર ધરવા.
રણચંડિકા બની છું રણજંગ આજ લેવા.

અંક ત્રીજો

રામસિંહ:— ૨૦

જીવન આ એક આશા છે એ આશામાં નિરાશા છે,
નિરાશા સૌ ગણે આશા જીવનના એ તમાસા છે.
મરે ભ્રંગો કુમુદો પર અને કુમુદો નીશાકર પર;
પતંગો જ્યોતી પર મરતાં બધાં ખોટા દિલાસા છે.
નિરાશાની એ આશામાં એ ભાવીના તમાસામાં,
પડયાં ઘટમાળમાં પ્રાણી પરિણામે નિઃસાસા છે.

પ્રેમલતા અને રામસિંહ—૨૧

વિજય વરી વહેલેરા વળજો,
કે કુંભ કુંભને પગલે મળજો.
ડુભાવ્યા દીલ દયા ધરજો,
વિશુદ્ધિ તન મનમાં ભરજો.
શકિત ને સ્મરી વિભૂતિ વરી
તારીને તરી આવશું અમીદ્રષ્ટિ કરજો.—
અરી સંગે સમર રંગે ઝુઝીશ જંગે,
હૃદયની શંકા પરહરજો.
વિભુવર મંગલતવ કરજો.

મરાઠાબાળ—— ૨૨

એંઠા ટુકડાં ગુલામીનાં અમે નહીં ખાશું નહીં ખાશું,
જવાની જીંદગી તો છે ભલે આજે મરી જાશું, મરી જાશું,
બચાવી ધર્મને બાપુ ગયા છે સ્વર્ગની વાટે;
ચીતા એની બળી રહી છે અમે પણ ત્યાં બળી જાશું.
તમોએ દેશને વેચી ગુલામી પારકી લીધી,
અમે તો દેશને માટે ફકીરી લઈ ફના થાશું ફના થાશું.

૨૩

જગમલ, જમના, માધુ, રાધુ, ગંગા અને હરિજં

શ્રી વૃંદાવનમાં, થનકકાર થૈ થૈ થૈ થૈ
શ્રી રાધાકૃષ્ણ (૨) બીજું નહીં નહીં નહીં નહીં–શ્રી વૃં
વાગે ચંગને મૃદંગ બજે બંગ ઉડે રંગ ફ્રેફ્રા ફૈ ફૈ ફૈ
આપે તાલ, લઈ કડતાલ ગ્વાલબાલ નંદલાલ
હા હા હૈ હૈ હૈ–શ્રી વૃ
જમનાતીર, થંભ્યાનીર, વાનરવીર,
ફાડે ચીર....ગણા ણૈ ણૈ ણૈ–વૃ

શાંતિ ! શાંતિ ! ! શાંતિ ! !

સમાપ્ત.